SHABDBRAHM E-ISSN: 3049 4230
VOLUME 1, ISSUE 2, OCTOBER 2025

# **लौहपुरुषावदानम् महाकाव्य** : અખંડ ભારતના શિલ્પી સરદાર

ડૉ.નિરવકુમાર રસિકલાલ કંસારા
સંસ્કૃત વિભાગાધ્યક્ષ
એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ પાલનપુર

મનુષ્ય હૃદયની ભાવનાઓ ગેય કવિતાના રૂપમાં પ્રગટ થાય તે સ્વાભાવિક અને ઉચિત જ છે. રામાયણ અને મહાભારતની રચના થઈ તે પહેલાં પણ કાવ્ય-સર્જનની પ્રવૃત્તિ ચાલુ જ હતી. ઋગ્વેદના કેટલાંક સૂક્તોમાં મધુર કાવ્ય-પ્રવૃત્તિના દર્શન થાય છે. ધીમે ધીમે આ સ્વાભાવિક કાવ્યપ્રવૃત્તિ શિલ્પની દૃષ્ટિએ કંડારાતી રહી અને છેવટે પ્રખ્યાત મહાકાવ્યોના સ્વરૂપમાં પરિણમી. આ પ્રવૃત્તિ વિકાસમાં પ્રાચીન આખ્યાન-ઉપાખ્યાન, ઇતિહાસ, કથા અને આખ્યાયિકા વગેરેનો ઘણો ઉપયોગ થયો. આદિકવિ વાલ્મીકિની કાવ્યપ્રતિભાએ આ ક્ષેત્રમાં સૌ પ્રથમ આદર્શ વ્યવસ્થા ઉભી કરી. તેમના રામાયણે કાવ્યના ભાવપક્ષ અને કલાપક્ષને વિકસિત સ્વરૂપ આપ્યું. મહાભારતે પુરાણશૈલીને વધુ વેગ આપ્યો. આમ, રામાયણ શિલ્પની દૃષ્ટિએ મહાકાવ્યોની વધુ નજીક છે.

— મહાકાવ્ય' શબ્દનો સર્વ પ્રથમ પ્રયોગ વાલ્મીકિ રામાયણમાં ઉત્તરકાંડમાં જોવા મળે છે.

**किंप्रमाणमिदं काव्यं का प्रतिष्ठा महात्मनः ।**

**कर्ता काव्यस्य महतः क्वचासौ मुनिपुङ्गवः ॥**[१]

**महत्** + **काव्य** = મહાકાવ્ય.[२] મહાકાવ્યનો સામાન્ય અર્થ 'મોટું કાવ્ય' કે 'લૌકિક કાવ્ય' એવો થાય છે. અહીં પણ **महत्-काव्य** નો અર્થ કાવ્યની વિશાળતાના સંદર્ભમાં જ થયેલો છે, નહીં કે લૌકિક મહાકાવ્યના સંદર્ભમાં. વેદ-બ્રાહ્મણ-ઉપનિષદ્ વગેરેમાંથી ઉદ્ભવેલી કાવ્યકલાએ રામાયણ-મહાભારતમાં મહાકાવ્યાત્મક સ્વરૂપ પ્રાપ્ત કર્યું અને કાલિદાસના કાવ્યોમાં સંપૂર્ણ યૌવનત્વ ધારણ કર્યું.

## મહાકાવ્ય પરંપરા :

ભારતીય સાહિત્યની કાવ્ય પરંપરામાં કવિને ગૌરવવંતુ સ્થાન આપવામાં આવ્યું છે. સંસ્કૃત જગતમાં કવિને પ્રજાપતિ સમાન ગણવામાં આવે છે. તે સ્વયં ગમે તેમ વિશ્વને પરિવર્તિત કરી શકે છે.

**अपारे काव्यसंसारे कविरेकः प्रजापतिः ।**

**यथास्मै रोचते विश्वं तथेदं परिवर्तते ॥**[3]

સંસ્કૃત સાહિત્ય જગતમાં મહાકાવ્ય શબ્દ ઘણો જ પ્રચલિત છે. મહાકાવ્યના રચેતાને 'શ્રેષ્ઠમુનિ' કહેવામાં આવે છે. મહાભારતમાં મળતા વર્ણન અનુસાર જેમાં વેદો, શાસ્ત્રો, ઇતિહાસ અને પુરાણોનું રહસ્ય ભરેલું છે. જેમાં ચાર પુરુષાર્થ અને શાંતરસને મુખ્યરૂપથી નિરૂપિત કરવામાં આવ્યા છે. આવા શ્રેષ્ઠ કાવ્યની રચના માટે ગણેશજી જેવા લેખક અનિવાર્ય છે.[૪]

**नियतिकृतनियमरहितां ह्लादैकमयीमनन्यपरतन्त्राम् ।**

**नवरसरुचिरां निर्मितिमादधती भारती कवेर्जयति ।।**[५]

આ સ્વરૂપ મુક્ત ગગનમાં વિહરતા કવિના વિચારપુંજ સમાન કાવ્યને નિયત લક્ષણોની સીમામાં બાંધવું મુશ્કેલ છે; તેમ છતાં પ્રાચીન કાળથી જ કાવ્યશાસ્ત્રીઓ દ્વારા કાવ્યને લક્ષણોની સીમામાં બાંધવાના પ્રયત્નો થયા છે.

SHABDBRAHM

આધુનિક યુગમાં પણ મહાકાવ્યની રચના થાય છે. આધુનિક યુગમાં પ્રાચીન અને નવીન પદ્ધતિએ અનેક મહાકાવ્યો રચાયા છે. રામકથા, કૃષ્ણકથા,વિષ્ણુચરિત,શિવકથા મહાભારત,દેવી,સત્પુરુષો,આશ્રયદાતા રાજાઓ, અંગ્રેજ રાજ્ય સ્વજીવન, ચમત્કાર પ્રદર્શન, પ્રાચીન ગ્રંથોનું સારદર્શન વગેરે આ મહાકાવ્યોના આધારભૂત વિષય રહેલા છે. આધુનિક સમયમાં પણ મહાકાવ્ય ક્ષેત્રે વિપુલ ખેડાણ થયું છે અને મહાકાવ્યના કલેવરને નિત-નવીન ઓપ આપવાનો સમ્યક્ પ્રયાસ આધુનિક કવિ જગતે કર્યો છે, જે સ્તુત્ય છે.

કવિશ્રી શિવપ્રસાદ ભારદ્વાજનો જન્મ પ્રતિષ્ઠિત બ્રાહ્મણ કુળમાં થયો હતો. તેઓની વિદ્વત્તાને અનુલક્ષીને પંડિતની પદવીથી ઓળખતા હતા. તેઓના પિતાનું નામ પંડિત હીરામણી છે. તેઓની માતા સ્વભાવે પ્રેમાળ, મૃદુ અને સ્નેહ વાત્સલ્ય વર્ષાવનારા હતા. તેઓનું નામ શ્રીમતી ઉત્તરાદેવી છે. તેઓ આદર્શ ગૃહિણીનો ધર્મ નિભાવતા હતા.

શિવપ્રસાદ ભારદ્વાજના પૂર્વજોનું વતન ડાંગ નામક ગામ,તાલુકો: પૌડી ગઢવાલ, જિલ્લો: દેહરાદૂન, રાજ્ય: ઉત્તરાંચલમાં આવેલું છે. તેઓનો જન્મ મોસાળમાં રાજપુર નામક ગામમાં થયો

હતો. તેઓની શુભ જન્મતિથિ ૧૫ ઓક્ટોબર,૧૯૨૪ છે. જન્મથી તેઓ મેધાવી અને તેજસ્વી લાગતા હતા.

શિવપ્રસાદ ભારદ્વાજે ૧૦ વર્ષ સુધી દિલ્હી શહેરની વિદ્યાલયમાં શિક્ષણકાર્ય કર્યું હતું. ત્યારબાદ તેઓ પંજાબ રાજ્યના હોશિયારપુર શહેરમાં આવેલી પંજાબ વિશ્વવિદ્યાલય સંલગ્ન વિશ્વેશ્વરાનંદ વિશ્વબંધુ શોધ સંસ્થાનમાં ચાર વર્ષ સુધી અધ્યાપન કાર્ય કરાવ્યું હતું. પછી તેઓ વિશ્વેશ્વરાનંદ સંસ્કૃત એવમ્ ભારત ભારતી સંસ્થાન, હોશિયારપુરમાં ૨૬ વર્ષ કાર્યરત રહીને રીડર પદ પરથી સેવાનિવૃત્ત થયા હતા.[૬]

## लौहपुरुषावदानम् महाकाव्य :

સંસ્કૃત ભાષામાં સર્જાયેલી આ કૃતિનો સાહિત્ય પ્રકાર મહાકાવ્ય છે.**सर्गबन्धो महाकाव्यम्।**[૭] લક્ષણ અનુસાર તેમાં કુલ ૩૨ સર્ગો આવેલા છે અને તેમાં કુલ ૨૫૧૫ શ્લોકોમાં વિષયવસ્તુ વ્યાપેલું છે.[૮] ભારતભૂમિના વીરપુત્ર વલ્લભભાઈ પટેલ (સરદાર)નાં જીવન વિષયક વિસ્તૃત વૃતાંત અહીં છંદોમય, અલંકાર સભર શૈલીમાં વર્ણિત કરવામાં આવ્યો છે.

SHABDBRAHM

સરદારશ્રી બ્રહ્મર્ષિ નહીં પણ રાજર્ષિ હતા. એમની ધાર્મિકતા, એમનો સંયમ, એમનો ત્યાગ, એમની તિતિક્ષા સાધુ સંતોની નહીં પણ ક્ષત્રિય વીર જેવી હતી. એમનું વર્ણન ટૂંકમાં કરવું હોય તો એમ જ કહેવું જોઈએ કે, તે મહાયોદ્ધા હતા, વીર સુભટ હતા, પ્રખર જીવન-યોગી હતા. જેથી લોકહૃદયે એમને 'સરદાર' તરીકે અપનાવ્યા છે.

આમ, આ મહાકાવ્યમાં અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલનાં જીવન આધારિત કથાવસ્તુને પ્રવાહી, વૈદર્ભી શૈલીમાં મહાકાવ્યનું સર્જન કરી આધુનિક મહાકવિ તરીકે વિશિષ્ટ સ્થાન ધરાવે છે. **लौहपुरुषावदानम् महाकाव्य** સાહિત્ય કૃતિની રચના બદલ સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક રાષ્ટ્રીય સંસ્થાન, શાહીબાગ-અમદાવાદ દ્વારા શ્રેષ્ઠ નાગરિક સન્માનથી શિવપ્રસાદ ભારદ્વાજને સન્માનિત કરવામાં આવ્યા છે.

## અખંડ ભારતના શિલ્પી સરદાર :

ઈ.સ.૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું ત્યારે ભારતમાં ૫૬૫ જેટલા રજવાડાં હતાં. બધાં કઈ સરખા ન હતાં. હૈદરાબાદ સૌથી મોટું રાજ્ય હતું. તેનો વિસ્તાર ૮૨,૬૯૮ ચોરસ માઈલનો હતો, જ્યારે બીજા અનેક એવાં નાના રાજ્યો હતાં, જેમનો વિસ્તાર માંડ થોડા માઈલ તો શું થોડા એકર પૂરતો હતો. આ ઉપરાંત અસંખ્ય જાગીરદારો પણ હતા.[૯] ફક્ત પશ્ચિમ ભારતમાં જ ૨૮૪ જાગીરદારો હતા. નાના ગરાસદારો બે એક ગામના ધણી હોય અને મહેસૂલી આવક વર્ષે રૂપિયા ૧૫૦૦ (પંદરસો) થી પણ વધુ ન હોય તોય મોટા રાજાઓ જેવા ઠાઠ રાખતા. રાજા મહારાજા અને નવાબોના આ શંભુમેળામાં લોકપ્રિય શાસકો વિરલ હતા. મોટા ભાગના રાજવીઓ પોતાના આનંદ વિલાસ અને મોજમજા માટે પ્રજાનું શોષણ કરવામાં કંઈ કસર રાખતા નહીં.[૧૦]

**न तु वल्लभस्य रुरुचे भारतभुवः साधनं स्पष्टम् ।**

**सेति प्रत्यादिष्टा, कस्य शिखो शूलमिष्टं स्यात् ॥**

**'लौहपुरुषावदानम् (२८.७६)**

સરદાર દેશી રાજ્યોના વિલીનીકરણ માટે બ્રિટિશ સત્તાના અસ્તની રાહ જોઈ રહ્યા હતા, ત્યારે બ્રિટિશ સરકારે એ પ્રશ્ન ઊભો રાખવામાં શાણપણ જોયું હતું. દેશી રાજ્યો પર બંધારણીય સુધારા માટે દબાણ કરવાનું તે ટાળતી હતી.[૧૧]

આમ, દેશી રાજ્યોને ભારતીય સંઘરાજ્યનો અંતર્ગત ભાગ બનાવી નાખવાનું સરદારનું સ્વપ્ન એમની હયાતી દરમિયાન જ સિદ્ધ થઈ ગયું. અન્ય સર્વે રાજ્યો કોઈ મોટી તકલીફ આપ્યા વિના ભારતની રાજ્યવ્યવસ્થામાં સમાઈ ગયા. ફક્ત ત્રણ રાજ્યોએ તકલીફ આપી. તે ત્રણ રાજ્યો - કાશ્મીર, હૈદરાબાદ અને જૂનાગઢ હતાં.

### જૂનાગઢ :

સરદારની નીતિ મુજબ જૂનાગઢના નવાબને પણ જોડાણખત મોકલાયું. ભુટ્ટોએ છેક ૧૩મી ઓગસ્ટે તાર કર્યો કે મુદ્દો વિચારણા હેઠળ છે. ખોટો દેખાવ કરવા ભુટ્ટોએ રાજ્યના અગ્રણી હિન્દુ-મુસ્લિમ નાગરિકોની બેઠક બોલાવી. હિન્દુ નાગરિકોએ પાકિસ્તાન સાથે જોડાવાના નુકસાન

સમજાવતી યાદી રજૂ કરી.[12] મુસ્લિમોમાંથી એકને દીવાને પૂછ્યું તો જવાબ મળ્યો કે લોકોમાં પૂછવાનું હોય જ નહીં, નવાબસાહેબ ઈચ્છે તે કરી શકે.

**प्रजानां तु परिक्लेशं वर्धमानं दिने दिने ।**

**श्रावं श्रावं पटेलः स्वं धैर्यं नात्यजत् सुव्रतः ॥**

**– लौहपुरुषावदानम् (३१.१५२)**

ભારતીય સૈનિકોને જૂનાગઢની હદની બહાર બધી બાજુએ ગોઠવી દેવામાં આવ્યા. એ ટુકડીના વડા બ્રિગેડિયર ગુરદયાલસિંહને એવી સૂચના આપવામાં આવી કે જૂનાગઢની સીમામાં પ્રવેશ ન કરવો. ભારતીય સૈન્યે જૂનાગઢ રાજ્યને ઘેરો ઘાલ્યા જેવી સ્થિતિનું નિર્માણ થયું.

ઈ.સ. ૧૯૪૮ના ફેબ્રુઆરીની ૨૦મીએ જૂનાગઢમાં લોકમત લેવામાં આવ્યો. ૧,૯૦,૦૦૦ મતદારોએ મત આપ્યા. તેમાંથી ફક્ત ૯૧ મત પાકિસ્તાન સાથે જોડાવાની તરફેણમાં હતા. લગભગ સર્વાનુમતી ભારતની તરફેણમાં હતી.[13]

SHABDBRAHM

## હૈદરાબાદ :

હૈદરાબાદમાં રઝાકારોની રંજાડ ઘણી વધી ગઈ હતી. રાજ્યમાંથી પસાર થતી ટ્રેનો પર હુમલા થવા માંડ્યા. રઝાકારો હિન્દુઓને મારીને રાજ્ય બહાર કાઢતા હતા.[14] બાજુના પ્રદેશોમાં સશસ્ત્ર ધાડો પાડતા હતા. સામ્યવાદીઓ પર પ્રતિબંધ મૂકેલો હતો તે હટાવી લેવાયો. રઝાકારો સામ્યવાદીઓને હથિયારો પૂરા પાડતા હતા. સિડની કાર્ટન નામનો ઓસ્ટ્રેલિયન હથિયારો અને દારૂગોળો હૈદરાબાદમાં લાવવામાં આવતો હતો. સામ્યવાદીઓએ પણ રંજાડ શરૂ કરી હતી.[15] અખબારો અને જાહેર પ્રજામત સરકારની નિષ્ક્રિયતાની ટીકા કરી રહ્યા હતા.

**राज्येषु केषुचिन् राजा विषमो जनता-मतम् ।**

**उपेक्ष्यापि मतिं चक्रे साधर्म्यानुगामिनीम् ॥**

**– लौहपुरुषावदानम् (३१.५४)**

ભારતીય સૈન્યની ૧૦૮ કલાકની લશ્કરી કામગીરી બાદ ૧૭મી સપ્ટેમ્બરે હૈદરાબાદના લશ્કરે હથિયાર હેઠાં મૂકી દીધાં. લાયકઅલી અને તેમની કેબિનેટે હૈદરાબાદમાં હિન્દુઓની મોટા પાયે કતલ થશે અને હિન્દુસ્તાનમાં મુસલમાનો મરશે એવા ડરથી પોલીસ પગલાંનો વિરોધ કરનારાઓના હાથ હેઠાં પડ્યા અને તેઓ અચંબામાં પડ્યા. ઉલટું ભારતના વિવિધ વિસ્તારોના મુસલમાનોએ આ પગલાંને વધાવી લીધું તે જાણીને સરદારને પણ શાંતિ થઈ.

## કાશ્મીર : વિકટ પ્રશ્ન :

પાકિસ્તાનના પક્ષેથી ઝીણા કાશ્મીર પાકિસ્તાન સાથે જોડાય તે માટે થઈ શકે તેટલું દબાણ કરતા હતા. રાજ્ય માટે આવશ્યક વસ્તુઓનો પુરવઠો અટકાવવાની હદે પણ ગયેલા. તેમનો હેતુ મહારાજાને ઉઠાડી મૂકવાનો અને રાજ્યને પાકિસ્તાનમાં ભેળવી દેવાનો હતો.[૧૬]

**काश्मीरस्य प्रवेशो स्व-सङ्घभेदभयनिन्दितः ।**

**भारतस्य भटैः सर्पद्विमानश्रेणिर्निस्वनैः ॥**

**लौहपुरुषावदानम् (३१.१२९)**

૧૫ ઓગસ્ટ સુધીમાં મહારાજા જોડાણ અંગે કશો નિર્ણય કરી શક્યા નહીં.[૧૭] જોડાણની વાત ઊભી રાખી તેમણે ભારત અને પાકિસ્તાન બંને સાથે 'યથાવત્ કરાર' કરી લીધા. 'યથાવત્ કરાર' કર્યા હોવા છતાં પાકિસ્તાને કાશ્મીરમાં જતો આવશ્યક પુરવઠો અટકાવ્યો. પેટ્રોલ નહીં મળવાથી કેટલોય વ્યવહાર અટકી પડ્યો. આ સંકટના સમયે ભારતે પુરવઠો મોકલ્યો.[૧૮]

**विमानो विध्वंसकतो शतघ्न्यो विमुच्य विध्वंसकगोलकानि ।**

**सहैव चित्तैर्हृदयैर्निपुणां रक्षाविधानप्रचितानि ॥**

**लौहपुरुषावदानम् (२७.९)**

જ્યાં સુધી મહારાજા જોડાણખત પર સહી કરી વિધિવત ભારત સાથે ન જોડાય ત્યાં સુધી ભારતનું લશ્કર જમ્મુ અને કાશ્મીર રાજ્યમાં લડવા જઈ શકે નહીં.[૧૯] મહારાજાએ તત્કાળ જોડાણ ખત પર સહી કરી હતી. કાશ્મીર સંબંધિત અનુચ્છેદ ૩૭૦ની જોગવાઈ અમલમાં આવી.

## જમ્મુ અને કાશ્મીર રાજ્ય અનુચ્છેદ ૩૭૦ની જોગવાઈ

ભારતીય બંધારણમાં જમ્મુ અને કાશ્મીર રાજ્યને વિશિષ્ટ જોગવાઈ આપવામાં આવી.

(અ) અનુચ્છેદ ૨૩૮ની જોગવાઈઓ જમ્મુ અને કાશ્મીર રાજ્યને લાગુ પડશે નહીં.

(બ) તે રાજ્ય માટે કાયદો ઘડવાની સંસદની સત્તા અમલમાં રહેશે.[૨૦]

વિમાન અકસ્માતમાંથી તો સરદાર મૃત્યુના મુખમાંથી છટકી ગયા, પરંતુ મૃત્યુએ તો નક્કી કરી જ લીધું હતું કે હવે સરદારને લાંબું જીવવા દેવા નથી.[૨૧]

લગભગ અઢી કલાક પછી ૧૫મી ડિસેમ્બરે સવારના નવ કલાક અને સાડત્રીસ મિનિટે સરદારે દેહ છોડ્યો. કુટુંબીઓમાંથી પુત્રી મણિબહેન, પુત્ર ડાહ્યાભાઈ, પુત્રવધૂ ભાનુમતી અને પૌત્ર બિપિન ત્યાં હાજર હતાં. બિરલા કુટુંબનાં સભ્યો પણ હતાં. સરદારે પોતે જ ૧૯૪૦માં કાંતેલા સૂતરમાંથી વણાવેલી એક ખાદીની ચાદર મણિબહેને સાચવી રાખેલી તે ઓઢાડીને સરદારનો મૃતદેહ બપોરે એક વાગ્યે બિરલા હાઉસના વરંડામાં લોકોના દર્શનાર્થે મૂકવામાં આવ્યો. ટોળેબંધ લોકો તેમની પ્રદક્ષિણા કરવા લાગ્યા.[૨૨]

SHABDBRAHM

**गगनेष्वनिधिनिन्दुवत्सरे रविमासे भुवनाङ्किते दिने ।**

**जनवल्लभश्च वल्लभो बत लेभे चिरविश्रमं श्रमी ॥**

**लौहपुरुषावदानम् (३२.७०)**

રાજેન્દ્ર પ્રસાદે કહ્યું, "સરદારનો નશ્વર દેહ ભસ્મીભૂત થઈ રહ્યો છે, પણ આ દુનિયાનો કોઈ અગ્નિ તેમની કીર્તિને ભસ્મીભૂત કરી શકશે નહીં. પણ આપણે તેમના માટે નહીં પણ આપણા પોતાના માટે શોક કરી રહ્યા છીએ." ચક્રવર્તી રાજગોપાલાચારીએ કહ્યું, ""કોઈ અદભુત પ્રેરણા, હિંમત, આત્મવિશ્વાસ અને તાકાત વલ્લભભાઈના રૂપે સાકાર દેહમાં અવતર્યા હતા. તેમના જેવું બીજું વ્યક્તિત્વ આપણને જોવા મળે તેમ નથી."

**स्मृतिगाढपि यस्य सुतनुदृढिमानं वितनुते सश्रद्धानम् ।**

**अवदानमिदं सुखदं तस्य स्याल्लौहपुरुषास्य ॥**

— **लौहपुरुषावदानम्** (३२.१०७)

ભારત ૫૬૫ રજવાડાંને સંઘમાં જોડી અખંડ બનાવવાની સરદારની કામગીરીએ એટલો બધો યશ મેળવ્યો કે તેના ઝળહળતા પ્રકાશમાં સરદારની પાછળની કાર્યવાહી પર લોકોનું ધ્યાન બહુ ખેંચાયું નહીં.[૨૩] અલબત્ત, કાશ્મીર જોડાયું. પરંતુ ભારત પર તેનો વિશેષ હક રહ્યો નહીં. વર્તમાન સમયમાં નરેન્દ્ર મોદીની સરકારે આ દીર્ઘકાલીન પ્રશ્નનો ઉકેલ લાવવામાં સિદ્ધિ પ્રાપ્ત કરી છે, જે અહીં નોંધનીય છે.

## બંધારણ ઘડતરમાં સરદારની ભૂમિકા :

રાજ્યોના જોડાણની સાથોસાથ બંધારણ ઘડવાની પ્રક્રિયા, બંધારણ સભાએ શરૂ કરી દીધી હતી.[૨૪] બંધારણ માટે એક મુસદ્દા સમિતિ (ડ્રાફ્ટિંગ કમિટી) રચવામાં આવી હતી. તેના સભ્યો ડૉ. ભીમરાવ રામજી આંબેડકર (પ્રમુખ) , અલ્લાદી કૃષ્ણસ્વામી અય્યર અને ક.મા.મુનશી હતા. આ કમિટી કલમોના મુસદ્દા તૈયાર કરતી, પણ કલમોમાં શું રાખવું અને શું ન રાખવું, તેનો અંતિમ નિર્ણય નેહરુ અને સરદારના હાથમાં હતો.

SHABDBRAHM

આમ,પ્રસ્તુત આ મહાકાવ્યમાં આઝાદી પૂર્વે અને સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ યુગપુરુષ સરદાર પટેલે કરેલી રાષ્ટ્રસમર્પણની ભાવનાસભર સચોટ જીવન અને સત્યલક્ષી ઐતિહાસિક વિગતો દર્શાવવામાં આવી છે. આમ, શિવપ્રસાદ ભારદ્વાજ વિરચિત **"लौहपुरुषावदानम् महाकाव्य"** - ઐતિહાસિક મહાકાવ્ય તરીકે સંસ્કૃત સાહિત્યમાં પોતાનું વિશેષ મહત્વ ધરાવે છે.

પાદટીપ

૧. વાલ્મીકિ રામાયણમાં ઉત્તરકાંડ (૪.૫૫)

૨. સંસ્કૃત કાવ્યશાસ્ત્રનો ઇતિહાસ (પૃ.૧૦૨)

૩. એજન (પૃ.૧૦૮)

૪. એજન (પૃ.૧૦૯)

૫. કાવ્યપ્રકાશ (૧.૪)

૬. શિવપ્રસાદ ભારદ્વાજ જીવન વૃતાંત (પૃ.૧૦)

७. लौहपुरुषावदानम् महाकाव्य (१.३)

८. वहि – (१.१०)

९. वहि – (१.१८)

१० वहि – (३२.१५)

૧૧. ભારતનો બૃહદ્ ઇતિહાસ (પૃ.૨૧૦)

૧૨. એજન (પૃ.૨૧૨)

૧૩. એજન (પૃ.૨૧૩)

૧૪. એજન (પૃ.૨૨૫)

૧૫. એજન (પૃ.૧૦૮)

૧૬.लौहपुरुषावदानम् महाकाव्य (३२.२२)

१७. वहि – (३२.२६)

१८. वहि – (३२.२८)

१९. वहि – (३२.२९)

२०. वहि – (३२.३३)

૨૧. ભારતનો બૃહદ્ ઇતિહાસ (પૃ.૨૩૭)

२२. लौहपुरुषावदानम् महाकाव्य (३२.३८)

२३. वहि – (३२.५०)

२४. वहि – (३२.५३)

SHABDBRAHM